# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-06-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી આજે જમ્મુ અને કાશ્મીરમાં ઉધમપુર બારામુલ્લા રેલ લિંક-શ્રીનગર-પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કરશે -વિવિધ રોડ પ્રોજેક્ટ્સનાં શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે.
2) વિદેશ મંત્રી ડૉજયશંકર.એસ . આજે નવી દિલ્હીમાં ભારતમધ્ય એશિયા સંવાદની -ચોથી બેઠકની યજમાની કરશે
3) અમરનાથ યાત્રાની સુરક્ષા માટે જમ્મુ-કાશ્મીરમાં, સેનાનાં ઓપરેશન શિવાનો પ્રારંભ.
4) ભારતીય રિઝર્વ બેંક આજે તેની દ્વિમાસિક નાણાકીય નીતિની સમીક્ષા જાહેર કરશે
5) ઇન્ડોનેશિયા ઓપન બેડમિન્ટનમાં ભારતીય જોડી ચિરાગ શેટ્ટી અને સાત્વિક સાઈરાજ રેન્કી રેડ્ડી મેન્સ ડબલ્સની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ્યા

***************************************************

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# JAMMU - PM

પ્રધાનમંત્રી આજે જમ્મુ અને કાશ્મીરની મુલાકાત દરમિયાન ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લિંક (USBRL) પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કરશે- ઉપરાંત વિવિધ રોડ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે.

વિશ્વનો સૌથી ઊંચો રેલ્વે કમાન પુલ, ચેનાબ બ્રિજ અને ભારતનો પ્રથમ કેબલ-સ્ટેડ રેલ પુલ- અંજી બ્રિજ, જે USBRLનો ભાગ છે, તેનું પણ પ્રધાનમંત્રી ઉદ્ઘાટન કરશે. 272 કિલોમીટરનો આ USBRL પ્રોજેક્ટ લગભગ 44 હજાર કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યો છે. USBRL પ્રોજેક્ટમાં 36 ટનલ અને 943 પુલનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ કાશ્મીર ખીણ અને દેશના બાકીના ભાગો વચ્ચે આખું વર્ષ હવામાનની વિકટ પરિસ્થિતિમાં નિરંતર રેલવે કનેક્ટિવિટી બની રહશે.

આ મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી બે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોને પણ લીલી ઝંડી આપશે - એક શ્રી માતા વૈષ્ણો દેવી કટરાથી શ્રીનગર અને બીજી શ્રીનગરથી કટરા. કટરા અને શ્રીનગર વચ્ચે વંદે ભારત ટ્રેનોની નિયમિત સેવાઓ શનિવારથી શરૂ થશે.

**(બાઈટ – આનંદ કુમાર)**

આ ઉપરાંત, ખાસ કરીને સરહદી વિસ્તારોમાં છેલ્લા માઇલ કનેક્ટિવિટીને પ્રોત્સાહન આપવા માટે, પ્રધાનમંત્રી વિવિધ રોડ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે. પ્રધાનમંત્રી કટરામાં રિયાસી જિલ્લાની 350 કરોડથી વધુની કિંમતની પ્રથમ મેડિકલ કોલેજ -શ્રી માતા વૈષ્ણો દેવી ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એક્સેલન્સનો શિલાન્યાસ પણ કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# S. JAYSHANKAR-1

વિદેશ મંત્રી ડૉ. એસ.જયશંકર આજે નવી દિલ્હીમાં ભારત-મધ્ય એશિયા સંવાદની ચોથી બેઠકની યજમાની કરશે. આ બેઠકમાં કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, તાજિકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને ઉઝબેકિસ્તાનના વિદેશ મંત્રીઓ ભાગ લઈ રહ્યા છે. ભારત અને મધ્ય એશિયાઈ દેશો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવા, ખાસ કરીને વેપાર, જોડાણ, ટેકનોલોજી અને વિકાસ સહયોગ વધારવા પર ચર્ચા કરવામાં આવશે. પ્રાદેશિક સુરક્ષા અને પરસ્પર હિતના અન્ય પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવશે. ભારત-મધ્ય એશિયા સંવાદની ત્રીજી બેઠક ડિસેમ્બર 2021માં નવી દિલ્હીમાં યોજાઈ હતી

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# S. JAYSHANKAR -2

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે નવી દિલ્હીમાં કઝાકિસ્તાન, તાજિકિસ્તાન, કિર્ગિસ્તાન અને તુર્કમેનિસ્તાનના વિદેશ મંત્રીઓને મળ્યા હતા.

કઝાકિસ્તાનના નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રી - મુરત નર્ટલુ સાથે મુલાકાત દરમિયાન, ભારત-કઝાકિસ્તાન સંબંધોને મજબૂત બનાવવા માટે સહકાર કાર્યક્રમ પર હસ્તાક્ષર કર્યા.

બંને નેતાઓએ રાજકીય, વેપાર, રોકાણ અને ઉર્જા સહયોગ પર ધ્યાન કેન્દ્રિત કરતા બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીના પાસાઓ પર પણ ચર્ચા કરી. ડૉ. જયશંકરે મધ્ય એશિયા ક્ષેત્ર સાથે જોડાણ વધારવા વિશે પણ વાત કરી.

તાજિકિસ્તાનના વિદેશ મંત્રી સિરોજિદ્દીન મુહરિદ્દીન સાથે મુલાકાત દરમિયાન, ડૉ. જયશંકરે બંને દેશો વચ્ચે ગાઢ વેપાર, રોકાણ અને કનેક્ટિવિટી સંબંધો સહિત સહયોગને આગળ વધારવા પર સહમત થયા હતા

કિર્ગિઝ રિપબ્લિકના વિદેશ મંત્રી, ઝીનબેક કુલુબેવ સાથે યોજાયેલી બેઠકમાં, મંત્રીએ બંને દેશોના બેંકિંગ, શિક્ષણ, ઉર્જા, આરોગ્ય, જોડાણ અને ક્ષમતા નિર્માણમાં સહયોગ પર વાતચીત કરી,સહકાર કાર્યક્રમ પર હસ્તાક્ષર કર્યા.

તુર્કમેનિસ્તાનના વિદેશ મંત્રી રાશિદ મેરેડોવ સાથે મુલાકાત દરમિયાન, ડૉ. જયશંકરે બંને દેશો વચ્ચે ખાસ કરીને વેપાર, રોકાણ, કનેક્ટિવિટી, આરોગ્ય અને ઉર્જા ક્ષેત્રોમાં સહયોગને વધુ ગાઢ બનાવવા અંગે ચર્ચા કરી.

તમામ દેશના વિદેશ મંત્રીએ આતંકવાદ સામે ભારતને સમર્થન કર્યું હતું

# J&K – OPRATION SHIVA

જમ્મુ અને કાશ્મીરમાં, સેનાએ ઓપરેશન શિવા શરૂ કર્યું છે, જે 3 જુલાઈથી શરૂ થનારી 38 દિવસની અમરનાથ યાત્રાને સંપૂર્ણ સુરક્ષા પૂરી પાડવા માટે એક વ્યાપક સુરક્ષા પહેલ છે.

જમ્મુ અને કાશ્મીરમાં પવિત્ર અમરનાથ ગુફા મંદિરમાં હજારો શ્રદ્ધાળુઓ આવે છે. એમની સુરક્ષા માટે ઓપરેશન શિવામાં CRPF, BSF, SSB, ITBP અને CISF ના એકમો સહિત 42 હજારથી વધુ સુરક્ષાકર્મીઓ બે મુખ્ય માર્ગ - પહેલગામ અને બાલતાલ પર વ્યૂહાત્મક સ્થળોએ તૈનાત કરાયા છે.

આ ઓપરેશનમાં વધુ ઊંચાઈવાળા રૂટ ક્લિયરન્સ, ડ્રોન સર્વેલન્સ, CCTV મોનિટરિંગ અને ત્રણ-સ્તરીય સુરક્ષા સેટઅપના ભાગ રૂપે બુલેટપ્રૂફ વાહનોની તૈનાતી સહિત અદ્યતન સુરક્ષા પ્રણાલી થી સજ્જ છે.

22 એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા સહિત તાજેતરના સુરક્ષા પડકારોને ધ્યાનમાં રાખીને, સેનાએ સેન્ટ્રલ સશસ્ત્ર પોલીસ દળો (CAPF), J&K પોલીસ અને શ્રી અમરનાથજી શ્રાઈન બોર્ડ (SASB) સાથે સંકલનમાં યાત્રાળુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મજબૂત પગલાં લઈ રહી છે

SASB એ સલામતી અને ટ્રેકિંગ વધારવા માટે યાત્રાળુઓ માટે ફરજિયાત રેડિયો ફ્રીક્વન્સી આઇડેન્ટિફિકેશન (RFID) કાર્ડ પણ રજૂ કર્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# RBI

ભારતીય રિઝર્વ બેંક આજે તેની દ્વિમાસિક નાણાકીય નીતિની સમીક્ષા જાહેર કરશે.

RBI ગવર્નર સંજય મલ્હોત્રાની અધ્યક્ષતામાં, રિઝર્વ બેંકની નાણાકીય નીતિ સમિતિ (MPC) એ રેપો રેટમાં ઘટાડા અંગે નિર્ણય લેવા માટે બુધવારથી ચાલી રહેલી ત્રિ દિવસીય બેઠક બાદ આજે જાહેરાત કરશે. આ બેઠકમાં અર્થશાસ્ત્રીઓ અને ઉદ્યોગ નિષ્ણાતોના મતે, સેન્ટ્રલ બેંક રેપો રેટમાં 25 બેસિસ પોઈન્ટનો ત્રીજો ઘટાડો કરીને 5.75 ટકા કરે તેવી શક્યતા છે.

SBIના એક નવા અહેવાલમાં આજની નીતિ સમીક્ષામાં 50 બેસિસ પોઈન્ટનો મેગા રેટ ઘટાડાનો પણ અંદાજ લગાવવામાં આવ્યો છે. રિઝર્વ બેંકે અગાઉની બે નાણાકીય નીતિ સમીક્ષાઓમાં રેપો રેટમાં 50 બેસિસ પોઈન્ટનો ઘટાડો કરીને તેને 6 ટકા કર્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# ALL PARTY DELEGATION

કોંગ્રેસના સાંસદ ડૉ. શશિ થરૂરના નેતૃત્વમાં એક સર્વપક્ષીય પ્રતિનિધિમંડળે ગઈકાલે અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સ સાથે મુલાકાત કરી હતી અને આતંકવાદ સામેની લડાઈથી લઈ ટેકનિકલ સહયોગ વધારવા સુધીના મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા થઈ હતી. શ્રી થરૂરે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવવા માટે વાતચીત રચનાત્મક રહી હતી.

પ્રતિનિધિમંડળ અમેરિકામાં ભારતીય સમુદાયને પણ મળ્યુ હતું અને આતંકવાદ સામે એક થવાના ભારતના સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો હતો. ભારતીય સમુદાયે આતંકવાદના પીડિતો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી અને ભારતના સંકલ્પ સાથે એકતા વ્યક્ત કરી હતી. ડૉ. થરૂરે ભારતમાં અમેરિકાના રાજદૂત કેન જસ્ટર સાથે પણ આતંકવાદ સામેની લડાઈ અંગે પણ ચર્ચા કરી હતી.

ભાજપ સાંસદ રવિશંકર પ્રસાદના નેતૃત્વમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ બ્રસેલ્સમાં બેલ્જિયન ચેમ્બર ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના સભ્ય પીટર ડી. રોવરને મળ્યા હતા. મીડિયા સાથે વાત કરતા, શ્રી રવિશંકર પ્રસાદે પહેલગામ આતંકવાદી હુમલા સામે એકતા વ્યક્ત કરવા બદલ શ્રી રોવરનો આભાર માન્યો હતો.

(બાઈટ- રવિશંકર પ્રસાદ)

ઉલ્લેખનીય છે કે આતંકવાદ સામે ભારતની એકતાનો સંદેશ ફેલાવવા માટે વૈશ્વિક પ્રવાસ પર ગયેલા સાત સર્વપક્ષીય પ્રતિનિધિમંડળોમાંથી પાંચ સ્વદેશ પરત ફર્યા છે. પ્રતિનિધિમંડળના સભ્યોએ વિવિધ દેશોમાં નેતાઓ, વરિષ્ઠ અધિકારીઓ, થિંક ટેન્ક, બુદ્ધિ જીવીઓ , મીડિયા અને ભારતીય સમુદાય સાથે વાતચીત કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# INDONESIA – OPEN BEDMINTON

ઇન્ડોનેશિયા ઓપન બેડમિન્ટનમાં ભારતીય જોડી ચિરાગ શેટ્ટી અને સાત્વિક સાઈરાજ રેન્કી રેડ્ડી મેન્સ ડબલ્સની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યા.

આજે ભારતીય જોડી, મલેશિયન જોડી મેન વેઈ ચોંગ અને ટી કાઈ વુન સામે ટકરાશે. અગાઉ, ભારતીય જોડીએ પ્રી-ક્વાર્ટર ફાઇનલ મુકાબલામાં રાસમસ કજાર અને ફ્રેડરિક સોગાર્ડની ડેનિશ જોડીને 2-1થી હરાવી હતી.

મહિલા સિંગલ્સમાં, સ્ટાર ભારતીય શટલર પી.વી. સિંધુને પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં થાઈ શટલર સામે હારનો સામનો કરવો પડ્યો હતો.

ત્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદની અન્ય એક ભારતીય જોડી મહિલા ડબલ્સના રાઉન્ડ ઓફ 16 મુકાબલામાં જાપાની જોડી સામે હારી ગઈ હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકીતા શાહ

આજના તમામ અખબારોએ બેંગલુરૂમાં થયેલ ભાગદોડમાં Rcb સામે નોંધાયેલ FIRના સમાચાર હેડલાઈનમાં લીધા છે.

સંદેશ અખબારની હેડલાઈન છે... બેંગ્લુરૂના પોલિસ કમિશનર સહિત અનેક સસ્પેન્ડ

દિવ્ય ભાસ્કરનું મુખ્ય શિર્ષક છે RCB વિરૂદ્ધ બિન ઈરાદે હત્યાનો કેસ થયો પોલીસ કમિશનર, ડીસીપી, એસીપી સસ્પેન્ડ.....

ગુજરાત સમાચારે પહેલા પાના પર લખ્યું છે કે અમેરિકામાં 12 જોખમી દેશના નાગરિકોની પ્રવેશબંધી.... અને ધક્કામુક્કી મુદ્દે આરસીબી પર FIR હાઈકોર્ટે સીઆઈડીને તપાસ સોંપી.....

ચાંદી રેકોર્ડ રૂપિયા 1.03 લાખના સ્તરે , સોનું ફરી લાખને પાર આ હેડલાઈન બનાવી છે નવગુજરાત સમયે..

આ સાથે જ તમામ અખબારોના સ્થાનિક સમાચારોમાં રાજ્યમાં 7થી 9જૂન અણધાર્યા વરસાદની વકી...રાજ્યમાં કોરોનાના સૌથી વધુ કેસોમાં રાજકોટ બીજા ક્રમે....ઓક્સિજન, દવાઓ તૈયાર રાખો, કેન્દ્રની એડવાઈઝરી....વિસાવદરમાં 16 અને કડીમાં 8 ઉમેદવારો વચ્ચે ચૂંટણીનો જંગ...દ્વારકા ગોમતી નદીમાં 7 લોકો ડૂબ્યાં ઉંટવાળાએ 6ને બચાવ્યા, એકનું મોત...ભરૂચના કરોડોના મનરેગા કૌંભાડમાં મંત્રી બચુ ખાબડના પુત્રોનું કનેકશન તપાસાશે...જેવા સમાચારોને સ્થાન આપ્યું છે...

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .